# દેવના લોક માટે યહોશુઆએ શિસ્તનો નમૂનો આપ્યો.

બાળકોને શીખવનારે સ્ટડી C6b વાંચવો.


**પ્રાર્થના :** વહાલા પ્રભુ, ઈસુએ બતાવેલા માર્ગમાં ઠોકરરૂપ થતો લોકોને સુધારવા અને પ્રભુમાં લાવવા અમારી સહાય કરો.

## ૧. ભૂલ કરતાં વિશ્વાસીઓ પ્રાર્થના પૂર્વક ઉઠાવવા તૈયાર થાઓ.

યહોશુઆ ૧ :૬-૧૧ વાંચો અને શિસ્ત જાળવવા માટે દેવે યહોશુઆને શું કહ્યું તે જૂઓ.

દેવે મિસરની ગુલામીમાંથી પોતાના લોકને છોડાવ્યા પછી તેઓને અરણ્યમાં ચાલીસ વર્ષ સુધી ભટકવા દીધા, કારણ કે તેમણે દેવ પર વિશ્વાસ રાખ્યો નહિ. તેમના આગેવાન મૂસાના મરણ પહેલાં દેવે યહોશુઆને તૈયાર કર્યો કે દેવે ઈબ્રાહીમના વંશજોને જે દેશ આપવાનું વચન આપ્યું હતું તેને તે જીતી લે. આ યુદ્ધ કાળના સમય દરમ્યાન યહોશુઆએ દેવું શિસ્ત જાળવી. યહોશુઆ ૫ -૮ અધ્યાયોમાં તેનું ઉદાહરણ વાંચો.

જે વિશ્વાસીઓ પાપમાં ચાલુ રહેવાની ભૂલ કરે છે તેમને ઊઠાડીને સાચે માર્ગે લાવવા તે આગેવાન માટે કઠોરમાં કઠોર સામનો કરવાની બાબત છે. આ કાર્ય આગેવાન તરીકે આપણે ખૂબ ધીરજ અને પ્રેમ સહિત પાર પાડવું જોઈએ. પવિત્ર શાસ્ત્ર અને પવિત્ર આત્માને તમને દોરવા દો. એક આફ્રિકન ગામમાં એક વડીલ મુલાકાત લેવા એક ઘરમાં પ્રવેશતા હતા ત્યારે ઘરના યજમાને બૂમ પાડી, 'થોભી જાઅઓ! ધીમ ધીમે પાછળ ખસી જાઓ!' તેમણે જોયું કે બ મીટર લાંબો કાળો નાગ તેમની પથારી પર લટકતો હતો. તે ઝેર ઓકતો નાગ હતો અને તેમને બારણું બંધ કરતા જોઈ રહ્યો હતો. ''તમને કઈ રીતે સલામત બહાર કાઢવા તે મને ખબર ન હતી.'' યજમાને કહ્યું, ''આ નાગ પ્રથમ ઝેર આંખમાં નાખે છે અને પછી ડંસે છે' પણ યજમાનને આ સાપને દૂર કરીને ઘરને સલામત બનાવવાની રીતે ખબર હતી.



તમારા ટોળામાં પાપ એ ઝેરી સર્પ સમાન છે. જો તમે તેને જવા દો તો તે બધાને ડંખ મારશે. તેને દૂર કરવાની રીતે તમને ખબર હોવી જોઈએ નહિ તો તેના ઝેરનો તમારે સામનો કરવો પડશે.

આપણા ટોળામાંથી કઈ રીતે પાપ દૂર કરવું અને ભૂલ કરનારાઓને સુધારવા તે પ્રભુ ઈસુએ **માત્થી ૧૮ :૧૫-૧૮**માં બતાવ્યું છે.

ભૂલ કરનારને સુધારવા પ્રથમ આપણે શું કરવું તે **માત્થી ૧૮ :૧૫-૧૮માં શોધો.**

- આપણે કોને સુધારવાના છે ?

(જવાબ : ''ભાઈ'' આપણે ખ્રિસ્તમાં ભાઈને સુધારીએ છીએ. ખ્રિસ્તના દેહની બહાર પાળક કે વડીલને કોઈ નથી. કોઈ વિશ્વાસી છે કે નહિ તે બાબતે જો તમને શંકા હોય તો કંઈ કરશો નહિ.)

- ભૂલ કરનાર સાથે સૌ પ્રથમ કોણે વાત કરવી જોઈએ ?

(જવાબ : જો વિશ્વાસી ભાઈ તમારી વિરુદ્ધ પાપ કરે તો શું તેને તેના પાપ બાબતે ખાતરી થઈ છે ? જો તમે કોઈ ઉપર ખોટી અફવા ફેલાવવાનું તહોમત મૂકો તો તમે તેના દિલને ઠોકર પહોંચાડશો એક વડીલ તરીકે તમારા ઉપરનો તેનો વિશ્વાસ ગાડી જશે.)

- ગુનેગાર વ્યક્તિ પાસે કોણે જઈને તેના ગુના વિષે વાત કરવી જોઈએ ?

(જવાબ : તમારી અને તે ભાઈ વચ્ચેના ગુનાની વાત તેની એકલા સાથે જ કરો. આ મહત્વનું છે ! અસર પામેલ વિશ્વાસીએ ગુનો કરનાર વિશ્વાસી પાસે ખાનગીમાં જઈને વાત કરવી જોઈએ. આ મુકાબલો ઘણો મુશ્કેલ છે પણ પવિત્ર આત્મા આપણને આ બાબતે સહાય કરે છે. વડીલ તરીકે તમારે લોકોને ખાનગીમાં સુધારાજનક સલાહ આપવી. બીજા કોઈ સાથે આ બાબતની ચર્ચા કરવી નહિ. પોતાની પત્ની સાથે પણ નહિ. સમજદાર વડીલો ખાનગી રીતે મળીને મોટા ભાગે આવા પ્રશ્નો ઉકેલે છે. બીજા કોઈને ખબર પડતી નથી કે

કેટલા પાપના કેવી રીતે ખાનગીમાં નિકાલ થયો છે.)

- જો વિશ્વાસી સુધારજનક સલાહ ઉપર ધ્યાન આપે તો શુ પરિણામ આવે ?

(જવાબ : જો તે (ગુનો કરનાર) તમારી વાત પર ધ્યાન આપે, તો તમે તમારા ભાઈને મેળવી લીધો છે. કાળજીપૂર્વકની સુધારાત્મક સલાહ આપણા ભાઈ સાથે આપણા સબંધો મજબૂત કરે છે. આપણા બાળકોને પણ આપણે જરૂર પડયે ઠપકો આપીએ છીએ કારણ કે આપણે તેમના પર પ્રેમ કરીએ છીએ.આ જ રીતે વિશ્વાસી ભાઈઓને પણ આપણે ખાતરી પમાડવી જોઈએ કે આપણે તેમને પ્રેમ કરીએ છીએ. આપણે ગુનો કરનારને શિક્ષા કરવા માટે નહિ પણ તેમને ઉઠાડવા માટે ઠપકો કે સુધારાત્મક સલાહ આપીએ છીએ)

**માત્થી ૧૮ :૧૬** વાંચો કે જો ગુનો કરનાર સુધારાજનક વાતોને ગણકારે નહિ ત્યારે શું કરવું.

(જવાબ : આપણે આવી વ્યક્તિ સાથે સાક્ષી આપી શકે તેવી અન્ય વ્યક્તિઓની હાજરીમાં વાત કરવી જોઈએ.

**માત્થી ૧૮ :૧૭**માં જૂઓ કે જો ગુનો આચરનાર સુધરવા માટે નકાર કરે ત્યારે છેવટે શું કરવું.

(જવાબ : ટોળાના વડીલે સભામાં આવા ગુનો આચરનારને ઠપકો આપવો જોઈએ. જો તે સભાની સલાહને ગણકારે નહિ તો વિશ્વાસીઓએ તેની સાથે કોઈ સંગત રાખવી જોઈએ નહિ. તે પસ્તાવો કરે ત્યાં સુધી તેની સાથે મેજમાં ભાગ લેવો નહિ. જ્યારે તે પસ્તાવો કરે ત્યારે તેને પાછો ઉઠાડવામાં વિલંબ કરશો નહિ, રખેને તે દુઃખથી નાહિંમત થઈ જાય)

**તિતસ ૩ :૧૦-૧૧માં** જૂઓ. જેઓ વિશ્વાસીઓમાં ભાગલા પડાવે છે તેમની સાથે કેવો વ્યવહાર કરવો ?
**ગલાતી ૬ :૧ માંથી શોધો.**

- ગુનો આચરનાર આપણા એકલા સાથે વાત કરવાનો ઈન્કાર કરે તો આપણે આપણી સાથે કેવા પ્રકારના લોકોને રાખવા.
- કોઈની સાથે સુધારત્મક વ્યવહાર કરતી વખતે આપણું વલણ કેવું હોવું જોઈએ ?
- એ વખતે આપણે રાખવી જોઈતી કાળજી.

**પ્રેકૃ. ૨૦ : ૨૮-૩૧** પાઉલે વડીલોને કઈ બાબતે સાવધ રહેવા ચેતવણી આપી અને 'વરુઓ' શું કરશે.

## ૨. સાથીદારો સાથે અઠવાડીયાની પ્રવૃત્તિઓ વિષે આયોજન કરો.

જો કોઈને કોઈ વિરુદ્ધ ફરિયાદ હોય તો પ્રભુ ઈસુની આજ્ઞા મુજબ કરો (ઉપર ભાગ ૧)

વરુઓની **મુલાકાત લો** અને મક્કમપણે સામનો કરો.

ગલાતી ૬ :૧ મુજબ ભૂલ કરનાર વિશ્વાસી સાથે વાત કરતા પહેલા પ્રેમાળ આત્મા અને હિંમત માટે **પ્રાર્થના કરો.**

જે વિશ્વાસીને પાછા ઉઠાડવાની જરૂર હોય તેને માટે અને તેની સાથે **પ્રાર્થના કરો.**

## ૩. આગામી ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન કરો.

યહોશુઆએ ઈસ્ત્રાએલીઓના પ્રભુની શિસ્તમાં રાખ્યા તે વાર્તા ટૂંકમાં **કહી અથવા ભજવી બતાવો.**

ભૂલ કરતા વિશ્વાસીઓને સુધારવાના અને પાછા ઊઠાડવાના પગથિયા **સમજાવો.** ઉપર ભાગ ૧ ના પ્રશ્નો પૂછો.

ખ્રિસ્તના દેહમાં શિસ્તનો હેતુ સમજાવો.

- આત્મિક શિસ્તનો હેતુ ખ્રિસ્તની આધિનતામાં લાવવાનો છે. નહિ કે તેમના પર માનવીય નિયમો લાદવાનો.

- આપણે ભૂલ કરનાર વિશ્વાસીને સુધારીને ઊઠાડવાનો હેતુ ધરાવીએ છીએ, શિક્ષાનો નહિ. યહોશુઆના સમયમાં ઈસ્ત્રાએલ પ્રજા 'અક્ષરના નિયમો જેઓ મૃત્યુ નિપજાવે છે.' તેની સત્તા નીચે હતી. (૨ કોરીંથ ૩ :૬) પણ પ્રભુ ઈસુના આવ્યા પછી આપણે કૃપાની સત્તા નીચે છીએ.

**બાળકો**એ તૈયાર કરેલા ગીતો, નાટકો, પ્રશ્નો વિ. તેમને રજુ કરવા દો.

**પ્રભુની મેજની** સેવા માટે ૧ કોરીંથ ૧૧ : ૨૩-૩૦ વાંચો સમજાવો કે અયોગ્ય રીતે રોટલી ભાંગનાર પર પ્રભુ કેવી શિક્ષા લાવે છે. તેઓ પ્રભુના શરીરને માન આપતા નથી. શરીરનો અર્થ ત્રણ બાબતો છે. જે દેવ ગણે છે ૧, આ શરીર જેણે વધસ્તંભ પર દુ:ખ ઉઠાવ્યું. ૨) જે વિશ્વાસી સમૂહ એક સાથે રોટલી ભાંગે છે અને ૩) જે રોટલી વિષે ખ્રિસ્તે કહ્યું કે તે મારું શરીર છે.

**બે કે ત્રણ ના જૂથ**માં મળો અને અઠવાડિયાના વિષયની ચર્ચા કરો. ખ્રિસ્તના શરીરમાં પવિત્રતા અને શિસ્ત જળવાય માટે દેવની સહાય માટે પ્રાર્થના કરો.

જો પાપ કરનાર વિશ્વાસી ખ્રિસ્તના સુધારાત્મક આદેશો અનુસાર પુન:ઉઠાડવામાં આવ્યો હોય અને તે જાહેરમાં આ બાતે ઉપકારવશ થઈને પ્રભુની સ્તુતિ કરવા ચાહતો હોય તો તેને તેમ કરવા દો.

ગલાતી ૬ :૧ **મુખપાઠ કરો.**

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.